## મેઘરજ પોલીસ સ્ટેશનમાંથી વાહન ચોરીનો આરોપી ફરાર

# મેશ્વોના પ્રતિબંધિત વિસ્તારમાં પ્રવેશી કાયદો હાથમાં લેતા ભાજપના કાર્યકરો

શામળાજી, તા. ૨૫

અરવલ્લી જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી નજીક આવેલા મેશ્વો ડેમમાંથી પાણી છોડી મેશ્વો નદીના કાંઠાના વિસ્તારમાં ઉનાળાના પ્રારંભથી જ પીવાના પાણીની અને પશુઓ માટે પાણીની તંગી સર્જાતા પાણીની સમસ્યાનુ નિવારણ લાવવા સિંચાઈ વિભાગને શામળાજી ભક્તજન મંડળના કન્વીનરે જળ સમાધી લેવાની ચીમકી આપવા છતા તેમજ અરવલ્લી જિલ્લા પંચાયત પ્રમુખ રાજુ પારધીએ જિલ્લા કલેક્ટર અને સિંચાઈ વિભાગમાં ઉગ્ર રજૂઆત કર્યા બાદ સીંચાઈ વિભાગે ૩૦.૪૧ લાખ રૂપિયા જમા કરાવ્યા બાદ પાણી છોડવાની વાત કરતા શામળાજી પંથકમાં અને જિલ્લામાં ભાજપા સરકારની બેધારી નીતિ સામે ઉગ્ર રોષ ફેલાતા લોક માંગણી જલદ બનતા જિલ્લા ભાજપાના કાર્યકરો પાણી છોડાવવા ગાંધીનગર બાબુ બોખારીયાને મળી રજૂઆત કરાતા ૨૦૧૭ની ચૂંટણીને ધ્યાનમાં રાખીને પાણી છોડવાની માંગ સ્વીકારી સીંચાઈ વિભાગને નિર્દેશ કરતા બુધવારે ભાજપાના કાર્યકર્તાઓએ કાયદાનુ ઉલ્લંઘન કરી મેશ્વો જળાશય ડેમના પ્રતિબંધીત વિસ્તારમાં પ્રવેશી પાણી છોડવાનુ પટાવાળાનુ કામ કરી જાતે હેન્ડલ મારવા લાગતા સીંચાઈ વિભાગના અધિકારીઓ બોખલાઈ ગયા હતા પરંતુ કાર્યકર્તાઓ ભાજપાના હોવાથી સિંચાઈ વિભાગના કર્મચારીઓએ ચૂપકીદી સેવી લીધી હતી.



શામળાજી પંથકના મેશ્વો નદીના કાંઠા વિસ્તારના પ્રજાજનો અને પશુપાલકો ઉનાળાના પ્રારંભથી જ કૂવા અને પાણીના બોરના સ્તર નીચે જતા પીવાના પાણીની અને પશુઓ માટેના પાણીની ભારે તંગી વર્તાવા લાગી હતી. વારંવાર પ્રજાજનો શામળાજી ભક્તજન મંડળ અને અરવલ્લી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ રાજુ પારધીની ઉગ્ર રજૂઆત બાદ રાજકીય કિન્નાખોરી દાખવી કે પછી અન્ય કારણસર સિંચાઈ વિભાગે પાણી છોડવા હાથ ઉંચા કરી લઈ પાણી છોડવા માટે ૩૦.૪૧ લાખ પાણી બીલ જમા કરાવાની પત્ર દ્વારા જાણ કરતા અરવલ્લી જિલ્લાના પ્રજાજનો અને શામળાજી પંથકના લોકોએ 'વડાપ્રધાનની મનકી બાત પાણી તો ભગવાનનો પ્રસાદ' ગણાવવાની અને બીજી બાજુ પાણી વગર તડપતા પ્રજાજનોને ડેમમાં પાણી હોવા છતાં રૂપિયા ભરવાનુ જણાવતા ભાજપા સરકારની બેધારી નીતિ સામે અનેક પ્રશ્નો ઉભા થતા અને લોકોનો રોષ પારખી અરવલ્લી જિલ્લા ભાજપાના પ્રમુખ અને સદસ્યોએ મંત્રી બાબુ બોખરીયા આગળ રજૂઆત કરતા ૨૦૧૭ની ચૂંટણી જીતવા પાણી છોડવાનું નિર્દેશ કરતા અરવલ્લી જિલ્લા ભાજપાના કાર્યકરોએ બુધવારે મેશ્વો ડેમ પર મોટી સંખ્યામાં ઉમટી પડી સિંચાઈ વિભાગના અધિકારીઓની નજર સમક્ષ કાયદાનુ ઉલ્લંઘન કરી પ્રતિબેંધીત વિસ્તારમાં પ્રવેશી પાણી છોડવાના રૂમમાં પહોંચી હેન્ડલ મારવા લાગતા પટાવાળાનુ કામકાજ કરતા હોય તેમ ઉતાવળા બન્યા હતા અને સસ્તી પ્રસિદ્ધિ મેળવવા અને અખબારો મીડીયામાં ચમકવા મોદીના ફોટા સાથે હેન્ડલ ફેરવવા પડાપડી કરવા



છતાં અધિકારીઓએ ચૂપકીદી સેવી લેતા લોકોમાં આશ્ચર્ય ફેલાયુ હતુ. શાળામજી પંથકના લોકોમાં ઉનાળો પૂર્ણ થવા આવ્યો ત્યારે સિંચાઈ વિભાગ પાણી છોડવાનો આદેશ સરકારનો ચૂંટણીલક્ષી નિર્ણય હોવાનુ જણાતા ફીટકાર વરસાવી હતી.

## તલોદ સાયન્સ કોલેજમાં કેમેસ્ટ્રીનો વધારાનો સેલ્ફ ફાઈનાન્સ વર્ગ શરૂ થશે

તલોદ, તા. ૨૫

તલોદની સી.ડી. પટેલ મહાવિદ્યા મંડળ, સંચાલિત એસ.એમ. પંચાલ સાયન્સ કોલેજ છેલ્લા ૬૦ વર્ષથી ઉચ્ચ શિક્ષણક્ષેત્રે પોતાનું આગવુ ઉત્તરદાયિત્વ નિભાવતી આવી છે. પરંતુ છેલ્લા ત્રણેક વર્ષથી સાયન્સનું શિક્ષણ લેવા માટે વધતી જતી વિદ્યાર્થીઓની રૂચિને લઈ ગ્રાન્ટ ઈન એઈડના વર્ગમાં ઓછી મેરીટવાળા વિદ્યાર્થીઓ પ્રવેશથી વંચિત રહે છે. જેના કારણે વાલીઓ વિદ્યાર્થીઓમાં પ્રવેશ લેવા બાબતે ખૂબ જ અસંતોષ અને રાજકીય દબાણો યુનિવર્સિટી સુધી પહોંચતા હતા. જેનો લઈને સંચાલકોને માટે પ્રવેશ પ્રશ્ન શિરદર્દ બન્યો હતો. આ સમસ્યાને લઈ વર્તમાન વર્ષે મંડળના વહીવટદાર ડૉ. જે.સી. પટેલે આ પરિસ્થિતિનું પુનઃ નિર્માણ ના થાય અને તલોદ પ્રાંતિજની હદની સ્કૂલમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓને ઘર આંગણે યુ.જી.સી.નો ચોઈસ બેઝડ ક્રેડિટ સિસ્ટમનો લાભ પ્રથમ વર્ષથી મળી રહે તેવા ઉમદા હેતુસર વધારાનો સેલ્ફ ફાઈનાન્સ ડિવિઝનની માંગણી યુનિવર્સિટીના સત્તામંડળ સમક્ષ મુકી છે. જે મંજૂરને માન્યતા મળતા વધારાનો કેમેસ્ટ્રી વિષયનો વર્ગ શરૂ કરવામાં આવનાર છે. આ સમાચારથી વિદ્યાર્થીઓ અને વાલીગણમાં આનંદની લહેર પ્રસરી જવા પામી છે.

# મેઘરજ તાલુકામાં પાણી અને ઘાસચારાની વિકટ સમસ્યા

ઈસરી, તા. ૨૫

અરવલ્લી જિલ્લાના અતિ પછાત ગણાતા એવા મેઘરજ તાલુકામાં ઉનાળામાં પીવાના પાણી સહિત પશુઓ માટે ઘાસચારાની સખત અછત વર્તાઈ છે ત્યારે પશુઓ માટે આમ તેમ વલખાં મારવા છતાં

**પશુઓને ખાવા ઘાસ ન હોવાથી પશુઓ વેચી રહ્યા છે : પશુપાલકો**

ઘાસ ન મળતું હોવાથી પશુપાલકોએ પોતાનું અમુલ્ય પશુધન સાવ ઓછા ભાવે વેચવાનો વારો આવ્યો છે ત્યારે પશુપાલકોમાં નિરાશા પ્રવર્તી ઉઠી છે.

મેઘરજ તાલુકો અંતરીયાળ વિસ્તારનો તાલુકો ગણાતો હોય અને આ તાલુકામાં મોટા ભાગે અતિ પછાત ગણાતા આદિવાસી અને બક્ષીપંચ પ્રજાજનો વસવાટ કરે છે અને આ આદિવાસી અને બક્ષીપંચ લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી અને પશુપાલનનો છે ત્યારે આવા લોકો ખેતી અને પશુપાલનનો ધંધો કરી પોતાના પરિવારનું ભરણપોષણ કરતા હોય છે ત્યારે ગત વર્ષે ચોમાસામાં વરસાદ ઓછો પડવાના કારણે ઉનાળાની સિઝનમાં પાણી અને ઘાસચારાની તીવ્ર અછત મેઘરજ તાલુકાના અંતરિયાળ ગામોમાં સર્જાઈ છે ત્યારે પશુપાલકો અને ખેડૂતો ઘાસચારા માટે ઉનાળાની અસહ્ય ગરમીમાં આમ તેમ વલખા મારવા છતાં ઘાસ ન મળતા અંતે ખેડૂતોને પોતાના પશુઓ વેચવાનો વારો આવ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે જ્યારે ચૂંટણી આવે છે ત્યારે આવા સમયે ચૂંટણીમાં ઉભા રહેલા ઉમેદવારો મત માટે પોતાના મત વિસ્તારમાં વારંવાર આંટા ફેરા મારતા હોય છે. અને પોતાને સત્તા મળ્યા બાદ તેઓ આવી વિકટ પરિસ્થિતિમાં ફરકલુ પણ મારતા ન હોવાથી પશુપાલકો અને ખેડૂતોએ આવા નેતાઓ સામે રોષની લાગણી વ્યક્ત કરી છે. ત્યારે ખેડૂતો અને પશુપાલકોના પશુઓ જીવડાવવા માટે અતિ પછાત ગણાતા એવા મેઘરજ તાલુકાના અંતરીયાળ વિસ્તારમાં આવેલ ગામડાઓમાં વિકટ અને તીવ્ર પરિસ્થિતિનો સામનો કરી રહેલ ખેડૂતો અને પશુપાલકોને સરકાર તરફથી પાણી અને ઘાસચારો પુરો પાડવામાં આવે તેવી ખેડૂતો અને પસુપાલકોની ઉગ્ર માંગ છે.

## મેઘરજ માલપુર વચ્ચેના રોડ સાઈડ લગાવેલ સોલર લાઈટો ચોરાયા

ઈસરી, તા. ૨૫

અરવલ્લી જિલ્લાના બે તાલુકાને જોડતો ધોરી માર્ગનું કામ હાલ ચાલી રહ્યું છે. આ કામ હજુ પૂર્ણ પણ થયું નથી ત્યારે આ માર્ગ ઉપર જ્યાં રહેણાંક વિસ્તાર આવેલ છે ત્યાં રાત્રીના સમયે અકસ્માતો ઓછા થાય તે હેતુથી સરકાર દ્વારા વીજળી વગર ચાલતા સોલર લાઈટો લગાવવામાં આવ્યા હતા ત્યારે અજાણ્યા માણસો દ્વારા મોટાભાગના સોલર લાઈટોના થાંભલા ઉપરથી ચોરી ગયા હોવાનું સ્પષ્ટ જણાય આવે છે ત્યારે તંત્ર દ્વારા તાકીદે આ ચોરાયેલ સોલર લાઈટો અંગે કાયદેસરની કાયદાકીય રીતે તપાસ હાથ ધરવામાં આવે તો આ ચોરી સીવાય અન્ય મોટી ચોરીઓનો પણ ભેદ ઉકેલી શકાશે અને સરકારની જાહેર સંપતિને થતુ નુકશાન ચોક્કસ અટકાવી શકાશે ત્યારે તંત્ર દ્વારા આ ચોરાયેલ સોલર લાઈટની તપાસ હાથ ધરી કસુરવારો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તે જરૂરી છે.

## વણકર સમાજનું ગૌરવ

ઊંઝા, તા. ૨૫

મહેસાણાના તેજસ્વી વિદ્યાર્થી શુભમ રાજેશકુમાર વાણીયાએ ચાલુ વર્ષે લેવાયેલ ધોરણ-૧૦ની પરીક્ષામાં ૯૯.૬૩ પર્સન્ટાઈલ રેન્ક (૯૦.૫૦) ગુણ મેળવી વણકર સમાજનું ગૌરવ વધારેલ છે.

